દાખલ તારીખ :૦૨/૦૯/૧૫
નોંધ્યા તારીખ: ૦૨/૦૯/૧૫
ફેસલ તારીખ : ૧૦/૦૬/૧૬
સમયઃ– વર્ષ માસ દિવસ
૦૦ ૦૯ ૦૮

મે.તાપી જિલ્લાના એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,મુ.વ્યારા

ફોજદારી રીવીજન અરજી.નં.૧૨/૨૦૧૫
**આંક–૧૭**

અરજદારઃ– (૧) પ્રવિણભાઈ ગમાભાઈ ચૌધરી
ઉ.વ.આ.૪૧, ધંધો : ખેતી,
રહે.ઉમરકુવા તા.વ્યારા,

**– : વિરુધ્ધ :–**

સામાવાળાઃ– (૧) ભાણકીબેન ગમાભાઈ ચૌધરી
ઉ.વ.આ.૬૯, ધંધો : ખેતી,
રહે.કાટીસકુવાદુર, તા.વ્યારા, જિ.તાપી
(૨) ધી સ્ટેટ ઓફ ગુજરાત

અરજદાર તર્ફે વિ.વ.શ્રી. એસ.સી.સોલંકી
સામાવાળાનં.૧ તરફે વિ.વ.શ્રી કે.બી.રાઠોડ
સામાવાળાનં.૨ તર્ફે વિ.પી.પી.શ્રી. વિ.એમ.ત્રિવેદી

**–: હુકમ :–**

**(૧)** આ કામે હાલના અરજદાર દ્વારા વ્યારાના ચીફ જયુ. મેજી. સાહેબશ્રીની કોર્ટમા ક્રિ.પ.અ.નં.૧૨૦/૧૪ ના કામે આંક–૮ નીચે આ કામના અરજદાર અને મુળ ક્રિ.પ.અ.નં.૧૨૦/૧૪ ના સામાવાળા વિરુધ્ધ રૂા.૨૯,૬૦૦/– વસુલ કરવા જપ્તી વોરંટ કાઢવાનો હુકમ કરવામા આવેલો છે. તેની સામે આ રીવીજન દાખલ કરેલી છે.

**(૨)** રીવીજનના અરજદારનુ કહેવુ છે કે સામાવાળા તેમના માતા થાય જે તેમનાથી જુદા રહે છે તેમને પુત્ર હોવાના નાતે ખોરાકી અરજીનં.૬૩/૧૧ દાખલ કરેલી. જેમા અરજદારે સમાધાનથી રૂા.૧૨૦૦/– નકકી કરી આંક–૧૪ થી સમાધાન કરેલુ. ત્યારબાદ સામાવાળાએ કોઈ રીકવરી અરજી કરેલ ન હતી અને લાબા સમય બાદ ખોરાકી વસુલ કરવા રીકવરી અરજી દાખલ કરી. અરજદારનુ કહેવુ છે કે આ કામના

સામાવાળાએ ખોરાકીની અરજીનં.૬૩/૧૧ તા.૨૨/૬/૧૫ ના રોજ આંક–૧૫ થી પુરસીસ આપી પાછી ખેંચી લીધી. અને ત્યારપછી તા.૧૭/૭/૧૪ ના રોજ રીકવરી અરજીનં. ૧ ૨૦/૧૪ ની દાખલ કરેલી. જેમા અમો અરજદારને નોટીસ કાઢતા રીકવરી ચાલી શકે નહી. અને રીકવરી કરવાનો અરજદારે શક નથી તેવો જવાબ રજુ કરેલો. તેમ છતા નીચેની અદાલતે મુળ ખોરાકીની અરજી પાછી ખેંચી લીધેલ હોવા છતા ખોટી રીતે સામાવાળા સામે જપ્તી વોરંટ ઈસ્યુ કરેલ છે જે કાયદાની જોગવાઈઓ વિરુધ્ધ છે.

**(૩)** અરજદારનુ કહેવુ છે કે, ટ્રાયલ કોર્ટનો હુકમ ક્રિ.પ્રો.કોડની કલમ ૧૨૫ ની જોગવાઈ વિરુધ્ધ છે. કેમકે, મુળ ઓરાકી અરજી સ્વેચ્છાએ પાછી ખેંચી લીધી હોવાનુ નીચેની કોર્ટે લક્ષમા લીધેલ નથી. તેમનુ કહેવુ છે કે, ખોરાકી અરજી પાછી ખેચેલ હોય રીકવરી મળી શકે નહી.

**(૪)** તેમનુ કહેવુ છે કે, નીચેની કોર્ટે અમારો જવાબ તથા દસ્તાવેજી પુરાવાનો અભ્યાસ કર્યા વગર અને ઘ્યાને લીધા વગર કરેલ છે. તેથી અરજદારની રીકવરી અરજી તદ્દ ન ખોટી અને ફકત કાયદાકીય જોગવાઈનો લાભ લેવાનો પેરવીથી કરેલ છે. આમ, સમગ્ર પણે રીવીજન અરજીમા અરજદારનુ કથન છે કે, નીચેની કોર્ટનુ જપ્તી વોરંટ કાઢવા નો હુકમ અન્યાયી અને ગેરકાયદેસર છે. તેથી આ રીવીજન દાખલ કરી મે. ચીફ જયુ. મેજી.શ્રીએ ક્રિ .પ.અ.નં.૧૨૦/૧૪ ના કામે જપ્તી વોરંટ કાઢવાનો હુકમ રદ કરી ક્રિ .પ.અ.નં.૧૨૦/૧૪ ની અરજી રદ કરવા માંગણી કરેલ છે.

**(૫)** આ કામે અરજીની નોટીસ બજતા સામાવાળાનં.૧ હાજર થયેલ છે. સામાવાળાનં.૨ તરફે વિ.પી.પી.શ્રી હાજર થયેલ છે.

**(૬)** આ કામે બન્ને પક્ષકારો તરફે વિ.વ.શ્રીઓએ જણાવેલ છે કે, નીચેની અદાલતમા રેકર્ડની સંબધિત તમામ ની સર્ટીફાઈડ કોપીઓ આ રીવીજનમા રજુ થયેલ છે તેથી નીચેની અદાલતનુ રેકર્ડ મંગાવવુ જરૂરી નથી. તેથી આ રીવીજનની સુનાવણી તાત્કાલિક કરી લેવા જણાવે છે.

**(૭)** આ કામે અરજદાર તરફે આંક–૧૪ થી લેખીત દલીલો રજુ થયેલ છે તથા સમાવાળા તરફે આંક–૧૪ થી દલીલો રજુ છે. તેમજ વિ.એ.પી.પી.શ્રી ને સાંભળેલ છે.

**(૮)** આ કામે બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ દલીલો તથા રજુ થયેલ સર્ટીફાઈડ

કોપીઓ તથા દસ્તાવેજો લક્ષમા લેતા આ રીવીજનના નિર્ણયમા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## મુદ્દાઓ

(૧) શુ ચીફ જયુ. મેજી.વ્યારાનાઓએ રીકવરી અરજીનં.૧૨૦/૧૪ દાખલ કરતો જે હુકમ કરેલ છે તે હુકમ તથા સદર અરજી નીચે જપ્તી વોરંટ કાઢવા કરેલો હુકમ ગેરકાયદેસર ભુલભરેલો અને ક્ષતિયુકત છે?

(૨) શુ નીચેની અદાલતે રીકવરી અરજીનં.૧૨૦/૧૪ ના કામે કરેલ હુકમમા આ અદાલતે હસ્તક્ષેપ કરવા પાત્ર છે.

**(૯)** મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

## નિર્ણયો

(૧) નકારાત્મક

(૨) નકારાત્મક

(૩) આખરી હુકમ

## કારણો

**(૧૦)** આ કામે રીવીજન થતા સાથે રજુ થયેલ નીચેની અદાલતના ક્રિ .પ.અ.નં.૬૩/૧૧ તથા ૧૨૦/૧૪ ના કામે થયેલ નીચેની અદાલતના હુકમો વંચાણે લીધા. આ કામે હાલની રીવીજનના અરજદારનુ મુખ્યત્વે કથન એવુ છે સામાવાળા એ કે જે હાલના અરજદારના માતા છે તેમણે ખોરાકીની અરજીનં.૬૩/૧૧ દાખલ કરેલી અને તેમા હાલના અરજદારે સમાધાનથી દર મહીને રૂા.૧૨૦૦/– ખોરાકી પેટે ચુકવવાનુ તે અરજીમા આંક–૧ ૪ થી નકકી થયેલુ આ હુકમની નકલ આ રીવીજનના કામે નિશાની ૩/૩ થી રજુ થયેલ છે. તે વંચાણે લેતા તેમા હાલના અરજદારે રૂા.૧૨૦૦/– ભરણપોષણ પેટે આપવાનુ અને દર મહીને રૂા.૨૦૦૦/– ચડેલ ખોરાકી પેટે આપવાનુ નકકી થયેલુ અને તે દિવસ ે રૂા.૪૦૦૦/– અરજદારે ચુકવી આપેલા અને તે સમાધાનમા તા.૧/૧/૧૨ થી તા.૩૦/૧૧ /૧૩ સુધીના કુલ ૨૩ માસના રૂા.૧૨૦૦/– લેખે ૨૭,૬૦૦/– થાય. વગેરે પક્ષકારોની સંમતિથી નકકી કર્યાનુ લખેલ છે. તેમા તમામ પક્ષકાર તથા વિ.વ.શ્રીની સહીઓ છે. સદર સમાધાન થયેલુ હોવાની હકીકતો રીવીજન જોતા ઈન્કાર કરવામા આવેલ નથી. સદર સમાધાન રેકર્ડ કરવામા આવેલ છે. સદર સમાધાનમા નોંધ લખેલ છે તે જોતા

અરજદારના વકીલે સમાધાન મુજબની રકમ ખોરાકીની અરજી ચાલુ રાખી સમાધાનની રકમ વસુલ લેવી વગેરે નોંધ છે. ત્યારપછીનો હુકમ નિશાની ૩/૪ થી રજુ છે. તે વંચાણે લેતા તે અરજદાર દ્વારા આપવામા આવેલ પુરસીસ છે જેમા લોક અદાલતમા સમાધાનથી નકકી થયેલ રકમ વ્યાજ સહીત વસુલ કરવાનો હક અબાધિત રાખી અરજી પાછી ખેંચતા હોવાનુ જણાવે છે અને આ વિડ્રોઅલ પુરસીસ નીચે નીચેની કોર્ટે હુકમ કર્યો.

**(૧૧)** નીચેની અદાલતના ઉપરોકત હુકમ થયા બાદ આ કામના સામાવાળાએ લોક અદાલતમા નકકી થયેલ રકમ વસુલ લેવા સારૂ રીકવરી અરજી દાખલ કરેલ જેની નકલ નિશાની ૩/૫ થી રજુ છે. અને સદર રીકવરી અરજીમા આંક–૮ થી સમાધાન મુજબની ખોરાકીની રકમ વસુલ કરાવી આપવા રીકવરી વોરંટ કાઢવા ની માંગણી કરવામા આવી છે. જે માંગણી અન્વયે નીચેની અદાલતે અરજીની લેણી રકમ વસુલ કરવા જપ્તી વોરંટ કાઢવા નો આદેશ કરેલો જે આ રીવીજનમા પડકારવામા આવેલ છે.

**(૧૨)** આ કામે રજુ હકીકતો લક્ષમા લઈ નીચેની અદાલતનો હુકમ ભુલભરેલો અને ક્ષતિયુકત છે કે કેમ તે અંગેની હકીકતો તપાસીએ તો રજુ થયેલ પુરાવા તથા સર્ટીફાઈડ કોપીઓ તથા બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ દલીલો લક્ષમા લેતા મુળ ખોરાકી અરજી આ કામના સામાવાળા દ્વારા દાખલ કરવામા આવી તે હકીકત નીચેની અદાલતના હુકમોની નકલો લક્ષમા લેતા સ્પષ્ટ છે કે ખોરાકી અરજી જે દાખલ થઈ તે અરજીમા નીચેની અદાલત સમક્ષ બન્ને પક્ષકારો વચ્ચે લોક અદાલતમા સમાધાન રજુ થયુ. જેની નકલ નિશાની ૩/૩ થી રજુ છે. અરજદારની મુખ્ય તકરાર એવી છે કે આ સમાધાન થયા પછી અરજદાર દ્વારા ખોરાકી અરજી નં.૬૩/૧૧ પાછી ખેંચી લેવામા આવી. તેથી ખોરાકીનો કોઈ હુકમ જ થયેલો ગણાય નહી. અને સમાધાન અન્વયેની રકમ વસુલ થઈ શકે નહી. તે છતા લોકઅદાલતના સમાધાનની રકમ વસુલ કરવા પં.અ.ન. ૧૨૦/૧૪ દાખલ કરેલી જેમા અરજદારે આ અંગે રજુઆત કરી હોવા છતા કોર્ટે ખોરાકીની રકમ વસુલ કરવા જપ્તી વોરંટ કાઢેલ છે તે ગેરકાયદેસર છે. અરજદાર લોક અદાલતમા ખોરાકીની રકમ અંગેનુ સમાધાન થયાની હકીકતનો ઈન્કાર કરતા નથી નિશાની ૩/૩ થી રજુ હુકમ વંચાણે લેતા સ્વેછીક રીતે ખોરાકીની રકમ નકકી કરી લોક અદાલતમા પુરસીસ આપેલ જે કોર્ટે રેકર્ડ કરી છે. ત્યારબાદ અરજદારે ખોરાકી અરજીનં.૬૩/૧૧ પાછી ખેચેલી છે પરંતુ તેમા સ્પષ્ટ ઉલ્લ ેખ કરેલો છે લોક અદાલતમા થયેલ સમાધાન મુજબની રકમ વસુલ કરવાનો હક ઉભો રાખી

પાછી ખેચેલ છે તેથી અરજદાર તરફે રજુ થયેલ દલીલો સ્વીકારવાપાત્ર નથી કે અરજી પાછી ખેચી હોવાથી ખોરાકી ની રકમની રીકવરી થઈ જ શકે નહી. કાયદાની જોગવાઈઓ મુજબ લોકઅદાલતનુ સમાધાન પડકારી શકાય નહી. એટલુજ નહી આ કામે અરજદારની એવી તકરાર નથી કે લોક અદાલતમા સમાધાન થયુ નથી કે તેમની સહી નથી કે ગેર સમજ થી સહી લીધી છે. આ સંજોગોમા લોક અદાલતમા થયેલ સમાધાનની રકમ ચુકવવા અરજદાર બંધાયેલા છે. તેથી અરજી પાછી ખેચાઈ ગઈ છે તેથી રકમ વસુલ કરવાનો હક નથી. તેવી દલીલો ટકી શકે નહી. નીચેની અદાલતે આ અંગે રીકવરી અરજી નં. ૧૨૦/૧૪ ના કામે આંક–૮ નીચે કરેલ હુકમ વંચાણે લેતા નીચેની અદાલતે આ સંદર્ભે હાલના અરજદારે જે રજુઆત કરેલી છે તે રજુઆત લક્ષમા લઈને જે કારણો આપેલા છે તે કારણો કોઈ પણ પ્રકારે ભુલભરેલા અને ક્ષતિયુકત હોવાનુ જણાતુ નથી. નીચેની અદાલતે આ સંદર્ભે સવિસ્તૃત પણે આપેલ કારણો યોગ્ય વ્યાજબી અને ન્યાયીક છે તેથી અરજદાર તરફે જે સવિસ્તૃત દલીલો આંક–૧૬ થી રજુ થયેલ છે તે સ્વીકારવા પાત્ર નથી તેમજ અરજદાર લોક અદાલતમા સ્વીકારેલ સમાધાનનો અમલ કરવાનો ઈન્કાર કરી શકે નહી. તેથી રજુ હકીકતો લક્ષમા લેતા નીચેની અદાલતના હુકમમા કોઈ ગેરકાયદેસરતા ન હોય આ અદાલતે નીચેની અદાલતના હુકમમા કોઈ હસ્તક્ષેપ કરવો યોગ્ય વ્યાજબી અને ન્યાયી નથી. તેથી મુદૃનં. ૧ અને ૨ નકારાત્મક ઠરાવુ છુ અને મુદૃાનં. ૩ અંગે નીચે મુજબ આખરી હુકમ કરુ છુ.

**:–હુકમ–:**

અરજદારની હાલની રીવીજન અરજી નામંજુર કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તારિખ ૧૦મી ,માહે જુન, સને ૨૦૧૬ ના રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલત મા જાહેર કર્યો.

તા.૧૦/૦૬/૨૦૧૬
વ્યારા.

( એમ.ટી.આચાર્ય)
(કોડ.નં.૦૦૧૯૫)
એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
તાપી.મુ.વ્યારા.